જીંદગી કોયલના ટહુકા જેવી છે, જે સંભળાય છે સહુને.. અને દેખાય છે કોક ને જ

- નૂફાત

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૩૮ | ૨૮ જુલાઇ, ૨૦૧૪, સોમવાર; શ્રાવણ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## NEWS બિટ્સ

**● ૧૫ ઓગષ્ટે ૧ કરોડ કર્મી સાથે મોદી યોજશે ડિજિટલ ટોક-શો**

લોકસભાની ચૂંટણીમાં હાઈટેક થ્રીડી ટેકનોલોજીથી વ્યાપક પ્રચારની ટેકનિકનો ભરપુર અને સફળ પ્રયોગ કરી ચુકેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી એ જ ટેકનિક વડે દેશભરના કર્મચારીઓ તેમજ જનપ્રતિનિધિઓ સાથે દેશના વિકાસને લઈ ચર્ચા સંવાદ સ્થાપવાની તૈયારી કરાવી રહ્યા છે. જો બધુ સમુસુતરૂ પાર ઉતરશે તો ૧૫ ઓગષ્ટે વડાપ્રધાન લગભગ એક કરોડ લોકોને સીધુ સંબોધન કરશે. પોતાની આવી પરિકલ્પના સાકાર કરવા તેમણે કેન્દ્ર અને રાજ્ય સરકારના કર્મચારીઓનો એક વ્યાપક સેન્ટ્રલ ડાટાબેસ (એકસહોસ્ટિવ સેન્ટ્રલ ડેટાબેસ) તૈયાર કરવા કહ્યું છે. તેનાં માટે કર્મચારીઓના ફોન નંબર અને ઈ-મેલ એડ્રસ મેળવવામાં આવી રહ્યા છે. ડિઝિટલ ટોક-શૉ જેવા આ કાર્યક્રમનો પ્રથમ પ્રયોગ સ્વાતંત્ર્ય દિને થવા જઈ રહ્યો છે. જેમાં વડાપ્રધાન મેઈન અને મૈસેજ દ્વારા કરોડો કર્મચારીઓ સાથે સીધો સંવાદ કરશે.

**● સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રતિકૃતિ તૈયાર**

નર્મદા-સરદાર સરોવર બંધ પાસેના ગુલાબી ટેકરા તરીકે ઓળખાતા સ્થળ પર આગામી વર્ષોમાં સરદાર વલ્લભભાઈ પટેલની ભવ્ય પ્રતિમા ઉભી કરવાની કામગીરી ચાલુ છે. કેન્દ્ર અને ગુજરાત સરકારે ચાલુ વર્ષે આ માટે બજેટમાં રૂ. ૭૦૦ કરોડની જોગવાઈ કરી છે. અહીં સરદાર પટેલની ૧૩૨ ફૂટ ઉંચી પ્રતિમા મુકાશે જે વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા બનશે પણ આ પ્રતિમાની ૧૨ ફૂટની પ્રતિકૃતિ તા. ૧૫ ઓગષ્ટના ન્યુયોર્કના મેન હટ્ટનમાં જે ભારતનો સ્વતંત્રતા દિન ઉજવણી કાર્યક્રમ છે તેમાં આ પ્રતિકૃતિ રજુ કરાશે. ન્યુયોર્કમાં તા. ૧૭ ઓગષ્ટના ભારતના સ્વતંત્ર દિનની પરેડ નીકળશે. આ ૧૨ ફૂટ ઉંચી પ્રતિકૃતિ ફાયબરની હશે અને તે અહીંના ફેડરેશન ઓફ ઈન્ડીયા એસો. દ્વારા નિર્મિત થઈ છે.

**● મનમોહનસિંઘ ૧૦૧ યુનીક ગીફ્ટ પોતાની સાથે લઈ ગયા**

ભુતપૂર્વ વડાપ્રધાન મનમોહનસિંઘે વડાપ્રધાન તરીકેના કાર્યકાળ દરમ્યાન જે દેશોની મુલાકાત લીધી હતી તે સમય દરમ્યાન તેમને મળેલી ગીફ્ટમાંથી ૧૦૧ યુનીક ગીફ્ટ તે સાથે લઈ ગયા હોવાનું આરટીઆઈ માહિતી દ્વારા જાણવા મળ્યું છે. મનમોહનસિંઘ પોતાની સાથે જે ૧૦૧ ગીફ્ટ લઈ ગયા છે એમાં ૨૦,૦૦૦ કિંમતનું બોસ સાઉન્ડ સિસ્ટમ, ૩૫,૦૦૦ કિંમતની સોનાની ઘડિયાળ તેમજ ૩૦,૦૦૦ ની કિંમતની હજુ એક ગીફ્ટનો સમાવેશ થાય છે.

**● માય ગવર્મેન્ટ પોર્ટલ લોન્ચ**

કેન્દ્રમાં શાસન સંભાળ્યાનાં ૬૦ દિવસ પુરા થતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ખાસ એક વેબપોર્ટલ માય ગવર્નમેન્ટ લોન્ચ કર્યું છે. આ પોસ્ટલ પર લોકો તેમના સૂચનો તથા માહિતી આપી શકશે. તથા તેના પર ચર્ચા પણ થઈ શકશે. શ્રી મોદીએ આ પ્રસંગે જણાવ્યું કે લોકભાગીદારી વગર લોકશાહી મજબૂત બનતી નથી. સરકાર અને લોકો વચ્ચે સીધો સંપર્ક પણ હોવો જોઈએ. લોકો સરકારને સૂચન કરી શકે અને સરકારને માહિતી આપી શકે તે પણ જરૂરી છે અને તેમાં માય ગવર્નમેન્ટ વેબ પોર્ટલ ઘણો ઉપયોગી થઈ જશે.

# નગરપાલિકાઓ અને પંચાયતોના સીમાંકન માટે હાથ ધરાયેલ કવાયત

## નગરપાલિકાની બેઠકો નિયત કરતુ જાહેરનામુ એકાદ સપ્તાહમાં

## પંચાયતોના સીમાંકન માટે પણ વિકાસ કમિશનરને જણાવતુ ચૂંટણીપંચ

ગાંધીનગર, તા. ૨૭

રાજ્યની ૮૦ નગરપાલિકાઓ સહિત પંચાયતોની આવી રહેલી ચૂંટણીઓ સંદર્ભે રાજ્ય ચૂંટણી પંચે જિલ્લાતંત્રોને વોર્ડ રચનાને લઈ પ્રાથમિક કવાયતો હાથ ધરવા જણાવ્યું છે. જો કે રાજ્યનું શહેરી વિકાસ વિભાગ ૨૦૧૧ની વસ્તુ ગણતરીને ધ્યાને લઈ નવી સભ્ય સંખ્યા નિયત કરતુ જાહેરનામુ ટુંકમાં જ બહાર પાડનાર છે.

રાજ્ય ચૂંટણી પંચે શહેરી વિકાસ વિભાગને સત્વરે આ સભ્ય સંખ્યા નિયત કરતુ જાહેરનામુ પ્રગટ કરવા માટે લેખિતમાં જણાવી દીધુ છે પરંતુ વિધાનસભાના બજેટ સત્રને લઈ તેમાં વિલંબ થયો છે. હવે આગામી સપ્તાહમાં શહેરી વિકાસ વિભાગ તેની કાર્યવાહી આ સંપન્ન કરતાં વોર્ડ રચનાની કાર્યવાહીને નવો વેગ મળશે.

મળતી વિગતો પ્રમાણે રાજ્ય ચૂંટણીપંચ વોર્ડ સંખ્યા નિયત થયા બાદ વસ્તીગણતરીને આધારે રોટેશન પ્રમાણે બેઠકોની ફાળવણી કરશે તેમજ વોર્ડ સીમાંકન જિલ્લાકક્ષાએ કઈ રીતે આખરી કરવુ તે વિશે માર્ગદર્શન આપશે.

જિલ્લાતંત્ર દ્વારા હાલના શહેરી વિસ્તારમાં વસ્તીનું પ્રમાણ, વસ્તીનું જ્ઞાતિવાર પ્રમાણ હાલની વોર્ડ સંખ્યા, અનામત બેઠકો વિગેરે અંગેની પ્રાથમિક વિગતો તૈયાર કરવામાં આવી રહેલ છે.

સભ્ય સંખ્યા અને વોર્ડ નિયત થયા બાદ તેનુ પ્રાથમિક જાહેરનામુ પ્રસિદ્ધ કરી પંચ વાંધા-સૂચનો મેળવશે અને ત્યારબાદ રોટેશન પ્રમાણે બેઠકોની ફાળવણી કરી અને જાહેરનામુ આખરી કરશે.

છેલ્લી ચૂંટણીમાં આ પ્રક્રિયા લંબાઈ જવા પામી હતી તેમજ રાજકીય પક્ષો અને સ્થાનિક આગેવાનો પણ વિરોધની ભારે લાગણી જન્મ હતી આથી પંચે આ વખતે આ કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ થાય તે રીતે તૈયારીઓ હાથ ધરી છે.

પંચના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે વોર્ડરચના તેમજ પંચાયતોની બેઠકોનું સીમાંકન કરવાના નિયમો અલગ-અલગ હોવાથી તેમાં સારો એવો સમય લાગે તેમ છે.

● અનુસંધાન પાન-૭ પર

## ગુજરાતનો પ્રથમ કાવડિયા સંઘ ગાંધીનગરમાં





દેવાધીદેવ મહાદેવનો પવિત્ર શ્રાવણ માસ. આ માસમાં ભોળાનાથની ભક્તિ કરવાથી સંસારના તમામ દુઃખ દૂર થાય છે. અમદાવાદના જય અંબે મિત્ર મંડળ દ્વારા કાવડિયા લઈને અમરનાથધામ જવા પદયાત્રા કરવામાં આવી છે. આજેસવારે મંદિરે પહોંચી ભગવાન ભોળાનાથની ભક્તી કરી ધન્યતા મેળવશે. શ્રાવણ મહિનામાં ભોળાનાથના ભક્તો દ્વારા અનોખી ભક્તિ કરવામાં આવતી હોય છે. ત્યારે આજે સવારે ઓઢવના જય અંબે મિત્ર મંડળ દ્વારા ઓઢવના પંચદેવ મંદિરથી કાવડિયા લઈને પદયાત્રા સંઘ નિકળ્યો છે. આ સંઘ મહુડી રોડ પર આવેલ અમરનાથ ધામ ખાતે સવારે ૫.૦૦ વાગે પહોંચી જલાભિષેક કરશે. જયઅંબે મિત્ર મંડળના પ્રમુખ રઘુવર પ્રસાદ જયસ્વાલ જણાવે છે કે, પ્રથમ વખત આ સંઘનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૫૦૦ ભક્તો જોડાયા છે. સંઘમાં ૮૦ ભક્તો છે કે જેમની ઉંમર ૭૦ વર્ષથી વધુની છે. ત્યારે સંઘમાં જે કાવડિયા છે તેઓ ખુલ્લા પગે ચાલીને ભગવાનના ધામ સુધી પહોંચે છે. આ પદયાત્રા સંઘનું આયોજન દર વર્ષે શ્રાવણ મહિનામાં કરવામાં આવશે. દેશના દસ રાજ્યોમાં કાવડિયા પદયાત્રા કરવામાં આવે છે. ત્યારે રાજ્યમાં પ્રથમવાર કાવડિયા પદયાત્રા મારા દ્વારા જ શરૂ કરવામાં આવી છે. શ્રાવણ મહિનામાં શંકર ભગવાનની ભક્તિ કરવાથી મનો કામના પૂર્ણ થાય છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# મનપામાં પ્રોપર્ટી ટેક્ષનો નવો વિવાદ

## બિલ ભરી દીધા પછી પણ વેરો બાકી હોવાના બિલો ફટકારી દીધા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર મહાનગરપાલિકાની મિલ્કતવેરાની આકારણી અને તેની વસુલાત સતત વિવાદમાં રહેવા પામી છે. ત્યાં આ વખતે મિલ્કતવેરો ભર્યા પછી પણ મિલ્કતવેરાની બાકી બતાવતા બિલો પધરાવવામાં આવતાં શહેરમાં મનપાની સેવાએ નવો વિવાદ જગાવ્યો છે.

ગાંધીનગર મહાનગરપાલિકાનું તંત્ર હજુ વિસ્તર્યુ નથી અને નવી સેવાઓ પણ ફળવાઈ નથી પરંતુ સોંપાયેલ કામગીરીમાં પણ કેવી વેઠ ઉતારવામાં આવે છે તેનો આદર્શ નમૂનો મિલ્કતવેરાના બિલોમાં જોવા મળે છે.

મિલ્કતવેરાની અસરકારક વસુલી અને સમયસર વસુલી થાય તે માટે એડવાન્સ ટેક્સ ભરનાર મિલ્કત ધારકને ૧૦ ટકાની રાહતની જાહેરાત બાદ હવે આ મિલ્કતવેરો ભરનારા મિલ્કતધારકોને જ બાકી વસુલાતના બિલો મોકલવામાં આવતા શહેરીજનોમાં રોષની લાગણી જન્મી છે.

ખાસ કરીને નવા સેકટરોમાં સંખ્યાબંધ લોકોને આવા ખોટા બિલો મલવાની ફરિયાદ ઉઠી છે. તંત્રએ આવા મિલ્તધારકોને બિલો કેવી રીતે મોકલી દીધા તેમજ તેમાં વેરો બાકી છે એવુ કેમ દર્શાવાયું છે તેને લઈ તંત્ર સામે લોકોમાં રોષની લાગણી જન્મી છે.

ગાંધીનગર શહેરમાં મિલ્કતવેરાની આકારણીના મુદ્દે શરૂઆતથી જ વિવાદો રહ્યા છે. મિલ્કતવેરાની આકારણી તેમજ તેની વસુલાત પણ કરોડોમાં બાકી બોલી રહી છે.

સરકારી મિલ્કતોના લેણાંની પણ બહુ મોટી રકમ બાકી બોલે છે. ખાનગી મિલ્કતોના મિલ્કત વેરાની વસુલાત માટે તંત્રએ હવે વ્યાજ સહિતની વસુલાતની તૈયારીઓ શરૂ કરી છે પરંતુ પ્રથમ ગ્રાસે જ મક્ષિકા જેવી સ્થિતિ ઉભી થવા પામી છે.

રિબેટના લાભથી આકર્ષાઈ મોટી સંખ્યામાં લોકોએ તેમના વેરાના નાણાં ભરી દીધા હતા. જો કે તંત્રમાં હજુ કોઈ ચોક્કસ વ્યવસ્થાતંત્ર ઉભુ નહિ થયું હોવાનું ચાડી ખાતી આ ફરિયાદ ગંભીર છે.



શિરદર્દ સમસ્યા - વરસાદની મોસમમાં પશુઓ અને એમાય ખાસ ગાયો રોડ પર રખડતી હાલતમાં મોટી સંખ્યામાં જોવા મળે છે... વરસાદના ખાબોચિયામાં જીવજંતુ પેદા થતાં જીવડાથી બચવા ગાયો રોડ પર આવી જાય છે... જે વાહન ચાલકો માટે ખૂબ જ જોખમી બને છે... ત્રણ મહિનાની આ સમસ્યા ગુજરાતના ખૂણેખૂણે આજ પણ યથાવત રહી છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# ત્રણ વિદેશી વિદ્યાર્થીઓ ગાંધીનગરમાં રહીને ભારતની સંસ્કૃતિને સમજશે

## ઈન્ટર કલ્ચર પ્રોગ્રામ હેઠળ એએફએસ દ્વારા ચલાવાતા આ પ્રોગ્રામ હેઠળ ગાંધીનગરના પાંચ વિદ્યાર્થીઓ ઓગષ્ટના પહેલા વીકમાં વિવિધ દેશોની સંસ્કૃતિનો અભ્યાસ કરવા વિદેશ જશે : વિદેશથી આવેલા વિદ્યાર્થીઓ ગરબા અને ગીતો રજૂ કરી ગુજરાતી ભોજનને વખાણ્યું

ગાંધીનગર, તા. ૨૭

અમેરિકન ફિલ્ડ સર્વિસ એટલે કે એએફએસના ટુંકા નામથી ઓળખાતી સંસ્થા દ્વારા શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જેમની ઉંમર ૧૫ થી ૧૭ વર્ષની છે. તેઓને વૈશ્વિક સ્તરનું નોલેજ અને વિવિધ દેશોની સંસ્કૃતિને સમજવાનો મોકો મળે તે માટે 'ઈન્ટર કલ્ચર પ્રોગ્રામ'નું આયોજન કરવામાં આવે છે. સંપૂર્ણપણે સ્વૈચ્છિક રીતે કાર્યરત આ સંસ્થા દ્વારા વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન અમેરિકાની સંસ્કૃતિનો અભ્યાસ કરવા ગયેલા વિદ્યાર્થીઓ પરત થતા તેમજ વર્ષ ૨૦૧૪-૧૫ માટે અમેરિકા, ઈટાલી અને ઈન્ડોનેશીયાથી ભારતીય સંસ્કૃતિનો અભ્યાસ કરવા આવેલા વિદ્યાર્થીઓને આવકારવા માટે તા. ૨૬મી જુલાઈએ એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વર્ષ ૨૦૧૪-૧૫ માટે ગાંધીનગરથી અમેરિકા, સ્વિટ્ઝરલેન્ડ અને દક્ષિણ આફ્રિકા જનાર વિદ્યાર્થીઓને વિદાય પણ આપવામાં આવી હતી.



આ કાર્યક્રમનો પ્રારંભ વિદેશથી આવેલા ત્રણેય વિદ્યાર્થીઓએ રજૂ કરેલી 'ગણેશ સ્તુતિ' દ્વારા કરાયો હતો. અમેરિકાથી આવેલ ડેનિયલ હેરીસે આ તેમને મળેલા આદર અંગે અહોભાવ વ્યક્ત કર્યો હતો. જો કે

● અનુસંધાન પાન-૭ પર

# ધોરણ-૧૨માં રિચેકીંગમાં ૬૯ ગુણના ૯૬ ગુણ મેળવતા ટોપટેનમાં સ્થાન

## સાયન્સ ટેકનોલોજીના વિષયના પેપરનું રિચેકિંગ કરાતા તેનું તાજેતરમાં પરિણામ આવતા ૧૭ માર્કનો વધારો થતાં ટોપટેનમાં પણ સમાવેશ

અમદાવાદ, તા. ૨૭

શિક્ષણ બોર્ડના અનેક છબરડાઓ બહાર આવી રહ્યા છે ત્યારે ગુજરાત માધ્યમિક બોર્ડ દ્વારા ૨૦૧૪માં લેવાયેલી એચએસસીની પરીક્ષામાં વિરમગામની છાત્રાને સાયન્સ ટેકનોલોજીના વિષયમાં માત્ર ૬૯ માર્કસ પરિણામમાં દર્શાવ્યા હતા. પરંતુ છાત્રાએ આ વિષયના પેપરનું રિચેકિંગ કરાવતા તેનું તાજેતરમાં પરિણામ આળતા ૧૭ માર્કસનો વધારો થતાં આ છાત્રનો રાજ્યમાં ટોપ-૧૦માં સમાવેશ થયો છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ વિરમગામ શહેરના રહેવાસી કાજલ ભરતભાઈ પ્રજાપતિએ માર્ચ ૨૦૧૪માં કેન્દ્રમાં ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની એચએસસીની પરીક્ષા આપી હતી જેનું પરિણામ જાહેર થયા બાદ તુરંત તેણે સાયન્સ ટેકનોલોજી વિષયના જબાબપત્રનું રિચેકિંગ કરાવતા તાજેતરમાં જ મળેલા તેના માર્કસથી કાજલ વિરમગામ કેન્દ્રમાં પ્રથમ નંબરે આઆવી છે. સાથે તેણીનો રાજ્યના ટોપ ટેનમાં સમાવેશ થયો છે. કાલજને રાજ્યમાં ૯૯.૯૩ પર્સન્ટાઈલ રેંક સાથે સાતમો ક્રમ મળતા તેના પરિવાર, સમાજ સાથે વિરમગામ શહેરનું ગૌરવ વધાર્યું છે. અત્રે ઉલ્લેખનીય રહેશે કે માર્ચ ૨૦૧૪માં લેવાયેલ બોર્ડની પરીક્ષાના પરિણામો જાહેર થવા સમયે કાજલના પરિણામમાં સાયન્સ અને ટેકનોલોજી વિષયને બાદ કરતા દરેકમાં એ ગ્રેડ મળ્યો હતો જ્યારે આ વિષયમાં ૬૯ માર્કસ પરિણામમાં દર્શાવાયા હતા. જેથી તેજસ્વી કાજલને આત્મવિશ્વાસ

● અનુસંધાન પાન-૭ પર


**મકાન વેચવાનું છે**

ન્યુ ગ્રીનસીટી સેકટર-૨૬, કોમન પ્લોટ પાસે, ૧૫૦ મી. પ્લોટ એરિયામાં આર્કિટેક ડિઝાઈનથી ફુલ બાંધકામ વાળુ મકાન વેચવાનું છે. D'Martની પાછળ

મો. ૯૮૨૫૦૩૩૭૪૦



